# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

'જિંદગી જીવાય છે એ વહેમ છે'
વહેમ એવો થાય છે એ વહેમ છે

આપણાં પગલાં જીવનભરનાં સહુ
મોતથી ભૂંસાય છે એ વહેમ છે

'મેં કર્યું' એ પણ નિખાલસતા નથી?
'આપણાથી થાય છે' એ વહેમ છે.

- હર્ષવી પટેલ

## પાથેય

- રમેશ ઠક્કર

# નિખાલસતાનો વહેમ...!

વાસ્તવમાં તો સહુ કોઇ જીવતા હોય પરંતુ કેટલાક લોકો વહેમમાંય જીવતા રહે છે..ભ્રમ થકી ભટકતા રહેનાર માટે અનેક કથાઓ અને સલાહો આપણા આધ્યાત્મિક સાહિત્યમાં છે..આપણે સહુ દાવો કરીએ છીએ કે આપણે જીવીએ છીએ. જગતમાં કદાચ આ જ સૌથી મોટો ભ્રમ છે...જીવવું એ પ્રાણીસહજ હોઇ શકે..મનુષ્યસહજ જીવવામાં આર્ટ છે..બધા લોકો આ નથી સમજી શકતા..એટલે જ કરોડો લોકો જન્મે છે,જીવે છે અને મૃત્યુને વરે છે..એમની કોઇ નિશાની રહેતી નથી..એવા અમુક જ લોકો જોવા મળે છે જેમની કથાઓ રચાય છે..ઇતિહાસ બને છે.અને આપણે કહીએ છીએ કે આનું નામ જિંદગી !

શો ફરક હોય છે જીવવાના વહેમમાં અને વાસ્તવિક જીવનમાં ? આ કોયડો ઉકેલવો આસાન નથી..પહેલાં તો આપણી ગતાનુગતિક જિંદગીમાં આવો પ્રશ્ન થાય એ જ મોટી ઘટના ગણાય! આવો પ્રશ્ન ભગવાન બુધ્ધને થયો અને એમણે દોમદોમ સાહેબીને પરમાત્મા ત્યજી દીધી..હોતી નથી હાલી નિકળનારને તમા..મધ્યાહનનો સમય હોય કે મધરાતનો સમય...અડધી રાતે મળતી આઝાદી એ અનેક વર્ષોના તપ જેવી હોય છે !

માણસ આ દુનિયામાંથી વિદાય થાય એટલે જાણે કે એનું ખાતું બંધ..! મરેલી વ્યકિત વિશે આપણે ઝાઝી લપછપ કરતા નથી..એ સંસ્કાર પણ ગણાતા નથી..સામાન્ય રીતે જે દિવંગત માટે મૌન રાખવાનો આપણે ત્યાં મહિમા છે..આમછતાં લાખો પગલાંની ખેપ જેવી આપણી વિતેલી જિંદગીને એમ ભૂંસી નાખી એ સહેલું કામ નથી..કરેલાં કર્મો કે દુષ્કર્મો થકી જ જગત માણસને યાદ રાખતું હોય છે..ભલે ને આપણે એવું કહેતા હોઇએ કે આપ મૂઆ પીછે ડૂબ ગઇ દુનિયા ! ભ્રમ પણ કેવા કેવા હોય છે..!

આખી જિંદગી માણસ એમ જ માનતો રહે છે કે આ મારૂં..આ મારા થકી થયું..હું ના હોત તો આ ના હોત..મારા વડે જ આ વૈભવ છે..વગેરે વગેરે..આ અજ્ઞાનતા એ જ મોટો ભ્રમ છે.જગત અનેક પરિમાણો ઉપર ઉભું છે..એમાં હું કરૂં હું કરૂં એવું કહેવું એ નિખાલસતા નથી ! અહીં કેટલીયે ઘટનાઓ આપમેળે થાય છે..કેટલાય બનાવો એવા હોય છે જે આપણી કાબૂ બહાર બને છે..આપણે જેને પોતાનાં માનીએ છીએ એવાં સ્વજનો કે આપ્તજનો આફતના સમયે ઉઠીને ભાગી જાય છે..જેના માટે આપણને પારાવાર આસકિત છે એ આપણું શરીર પણ ઘરડું થાય કે કોઇ બિમારી આવે ત્યારે આપણું રહેતું નથી..આપણાથી જ બધું થાય છે એ જગતનો સૌથી મોટો વહેમ છે. એમાંથી છૂટવું એને જ કદાચ મુકિત કહેતા હશે !

# ઘરેલું હિંસા એક સામાજિક વાસ્તવ છે

**તંત્રીસ્થાનેથી...**

હમણાં જ રાષ્ટ્રીય અપરાધ રેકોર્ડ બ્યૂરોએ ઘરેલુ હિંસા વિશેના રાજયવાર આંકડા જાહેર કર્યા છે. સૌથી વધારે ફરિયાદો પશ્ચિમ બંગાળ અને રાજસ્થાનમાં નોંધાઈ છે. જયારે ૨૦૨૧ના આખા વર્ષ દરમિયાન ગોવામાં આવી એક જ ફરિયાદ આવી છે. ઘરેલું હિંસા એટલે પતિ અથવા સાસરિયાં દ્વારા સ્ત્રી પર દહેજ યા અન્ય મુદ્દાઓને લઈને થતો અત્યાચાર. શારીરિક રીતે કોમળ અને પુરુષની સરખામણીમાં નિર્બળ એવી સ્ત્રી યુગોથી આવી હિંસા-મારપીટ અને ત્રાસનો ભોગ બનતી રહી છે. માનસિક પ્રતાડનાના કિસ્સા તો ઘર ઘરની કહાની જેવા બની ગયા છે. ભગવાન રામચંદ્ર માટે 'ત્વમેવ ભર્તા ન ચ વિપ્રયોગ' કહેનારી, ભવોભવ તમે જ પતિ રૂપે મળો એવી પ્રાર્થના કરનારી સીતાને કદાચ વિશ્વની કોઈ પણ મહિલા કરતાં વધુ માનસિક વિટંબણાઓ ઝીલવી પડી છે. રામે એની અગ્નિપરીક્ષાથી અટક્યા નથી. રાજયમાં ચાલતી કાનાફૂસીથી દોરવાઈને એને વનવાસ પણ આપે છે અને એને 'રાજધર્મ'માં ખપાવે છે. વર્તમાન યુગની ગૃહિણી ભણેલી-ગણેલી અને જાતે કમાતી હોય તો પણ એને પતિ અને સાસરિયાંની જોહુકમીનો ભોગ બનવું પડે છે. આખરે એ 'અબળા' છે - એટલે એ બધા જ કડવા ઘૂંટડા પી જઈ એનું ગૃહસ્થ જીવન ટકાવી રાખવા મથતી રહે છે. જયારે પાણી માથા પરથી વહી જતું લાગે છે અને કોઈ શુભેચ્છક સંસ્થા વહારે ધાય છે ત્યારે આવો ત્રાસ સહી સહીને અકળાઈ ઊઠેલી સ્ત્રી પોલીસ સ્ટેશને જઈ ઘરેલું હિંસાની ફરિયાદ નોંધાવવાની હિંમત કરે છે.

આવા મામલા કલમ ૪૯૮-એ અંતર્ગત નોંધાય છે. પશ્ચિમ બંગાળમાં વર્ષ દરમિયાન આવા ૧૯૯૫૨ કેસ નોંધાયા હતા. મમતા બેનર્જી જેવાં ઝુઝારું મહિલાના શાસનમાં એમના જ રાજયમાં સૌથી વધુ ઘરેલું હિંસા થતી હોય તો દેખીતી રીતે એ આશ્ચર્યજનક તેમજ આઘાતજનક ઘટના લાગે. જોકે પશ્ચિમ બંગાળ બૌદ્ધિકોના પ્રદેશ તરીકેની પ્રતિષ્ઠા ધરાવે છે અને કાલીપૂજક - દુર્ગા પૂજક તરીકેની એની નામના છે. પરંતુ એ જ પ્રદેશમાં 'સતી પ્રથા' સૌથી વધારે વ્યાપક હતી, જેની વિરુદ્ધ રામ મોહનરાયે બૂંગિયો ફૂંકીને બ્રિટિશ રાજ દરમિયાન જ કાનૂન બનાવડાવ્યો હતો. ઘરેલું હિંસા એક કઠોર વાસ્તવિકતા છે એવો સ્વીકાર ખુદ પશ્ચિમ બંગાલ મહિલા આયોગનાં અધ્યક્ષા લીલા ગંગોપાધ્યાય કરે છે. તેઓ આ રિપોર્ટને સકારાત્મક દષ્ટિકોણથી જુએ છે. મહિલાઓ એક મહિલાના શાસનકાળમાં વધુ જાગ્રત બની છે અને અત્યાચાર વિરુદ્ધ ફરિયાદ કરવાની એમનામાં હિંમત આવી છે. રાજસ્થાનમાં આવી ફરિયાદોની સંખ્યા ૧૮૩૭૫ છે. ઈતિહાસ પર દષ્ટિપાત કરીએ તો રાજસ્થાન પણ રૂઢિચુસ્ત પ્રદેશ તરીકે જાણીતું છે. ત્યાં તો હજી પણ સતીપ્રથાનું વ્યાપક સમર્થન કરનારા લોકો છે. પરંપરાને ગરિમાનું પ્રતીક ગણનારો પુરુષ વર્ગ મહિલાને પગની મોજડી ગણતો રહ્યો છે. ઝવેરચંદ મેઘાણીની વાર્તા 'વહુ અને ઘોડો' યાદ આવે છે. શેઠ જેમ એમની ઘોડાઘાડીના ઘોડા બદલતા રહે છે એમ પત્નીઓ નવી નવી કરતા રહે છે. આ માનસિક યાતના તો શારીરિક હુમલા કરતાં પણ વધુ ત્રાસદાયક ગણાવી જોઈએ. એનસીઆરબીના છેલ્લા રિપોર્ટ મુજબ સ્ત્રીઓ વિરુદ્ધની ગુનાખોરી ૧૫.૩% વધી છે. રાજસ્થાનમાં સૌથી વધુ દુષ્કર્મના કેસ નોંધાયા છે અને મહારાષ્ટ્રમાં સૌથી વધુ આત્મહત્યાની ઘટનાઓ બની છે. દિલ્હી સ્ત્રીઓ માટે સૌથી વધારે બિનસલામત મહાનગર બની રહ્યું છે. આપણે આખી કરુણ અને દારુણ પરિસ્થિતિ વચ્ચે એક આદિવાસી મહિલાને રાષ્ટ્રપતિ પણ બનાવી શકીએ છીએ!

# સંત મોરયા ગોસાવી

**અમર વારસો**
**ડૉ. રશ્મિકાન્ત મહેતા**



મુંબઈથી પૂના જવાને રસ્તે ગામ આવે મોર ગાંવ. ગામમાં મયૂરેશ અથવા મયૂરેશ્વરનું સ્થાનક - મોટું મંદિર. મયૂરેશ્વર ગણપતિ મહારાજનું સ્વરુપ.

ગામમાં વિદ્વાન અને સજ્જન બ્રાહ્મણ વામન ભટ્ટ રહે. સંતોષી જીવ. દુ:ખ એક જ



વાતનું - કોઈ સંતાન નહિ. એમણે સંતે પોતાની પત્ની સાથે મયૂરેશની ઉપાસના કરી. ખરેખર એમને પુત્ર જન્મ થયો.

'આ તો ગણપતિની કૃપા છે.' એમ માનીને, એમને પુત્રનું નામ રાખ્યું - મોરયા. ઈ.સ. ૧૫૭૫માં એનો જન્મ થયો.

ગણેશ ભક્તિ એમના વંશમાં ઊતરી આવી. મોરયા પણ ગણેશભક્ત હતા. લાગલગાત ૪૨ દિવસ એમણે ગણેશ તપસ્યા કરી. આ પંથકમાં એમની ખ્યાતિ હવે સંત મોરયા ગોસાવીની હતી. એમણે જિદ કરીને મયૂરેશને વિનંતી કરી હતી - 'તમારું નામ મારા નામ સાથે જોડાયેલું રહે.'

કોઈના માતાપિતા કયાં સુધી જીવતા રહ્યા છે? મોરયાના માતાપિતાનું પણ સમયાન્તરે અવસાન થયું.

મોરયાના લગ્ન થયા. એને પુત્ર જન્મ્યો - એનું નામ રાખ્યું - ચિન્તામણિ.

મોરયાને મનમાં થયું - 'ગણેશ - ઉપાસના માટે કોઈક સ્થળ શોધવું. એ ગામ ચિંચવડ આવ્યા. ચિંચવડથી દોઢ માઈલ દૂર ડાબી બાજુએ પોતાનું સ્થાનક કર્યું.'

પરંતુ એને જંપ ન હતો, બેચેની હતી. મયૂરેશનું સ્મરણ એમને તીવ્રપણે સતાવે. એણે નિર્ણય કર્યો. દર મહિનાની સુદ ચોથના દિવસે એ ચાલીને મોર ગાંવ જાય. દર્શન કરીને, ચાલતાં, પાછા આવે. લાગલગાટ ૮૦ વરસ આ ક્રમ ચાલ્યો.

પરંતુ - હવે એને અવસ્થા થઈ ગઈ; અશક્તિ વરતાય. એમણે મયૂરેશને વિનંતી કરી - 'તમે અહીં આવો ને?' એક વાર સુદ ચોથ હતી. બ્રાહ્મમુહર્ત હતું. એ નદીના પુનિત જળમાં સ્નાન કરતા હતા. અને પાણીમાં જમણા હાથની હથેળી સાથે કશુંક અફળાયું. એણે હાથમાં લીધું - તો, મયૂરેશની જ ગણેસ પ્રતિમા! એને આશ્ચર્ય થયું અને આદર સાથે આભાર માન્યો. એમણે વિધિપૂર્વક આ પ્રતિમાની પ્રાણપ્રતિષ્ઠા કરી.

એ વખતે દિલ્હીમાં મોગલ બાદશાહ અકબરનું શાસન હતું. પૂનામાં એમના વતી સૂબા તરીકે ઉલ્લાઉદ્દીન હતા. એમની પાસે મોરયાની પ્રસિદ્ધિ પહોંચી. એ પ્રભાવિત થયા. રૂબરૂ સંતના દર્શને આવ્યા. સંતને અને પછી ગણેશ પ્રતિભાને ભાવપૂર્વક વંદન કર્યા.

ઈ.સ. ૧૬૫૫નું વરસ હતું. માગશર મહિનાની વદ છઠ્ઠનો દિવસ હતો. સંતને પોતાની જીવન લીલા સંકેલી લેવાનો સંકલ્પ થયો. તેથી આ દિવસે એમણે જીવંત સમાધિ લઈ લીધી! ચિંચવડમાં આજે પણ એમના સ્થાનકમાં દર વરસે મહોત્સવ થાય છે. અનન્ય ગણેશભક્તનું નામ ગણપતિ સાથે જોડાઈ ગયું. એમ જ બોલાય - 'ગણપતિ બાપા મોરયા.'

# મેરી આવાજ હી પહેચાન નહીં હૈ ?

**હળવે હૈયે**
**પ્રકાશ લાલા**



'મેરી આવાજ હી પહેચાન હૈ મેરી..' એવું લતા મંગેશકર કહે તો બરાબર છે પણ એક પ્રધાનશ્રી આવું કહે ને માને તો કેવું ? પ્રધાનો - મંત્રીઓના અવાજ ભાષણોથી લોકો ખેંચાઈ આવે અને એમના અવાજ પ્રોબ્લેમ પણ ખડા કરે એવું ય બને !

હમણાં એક મહિલા મંત્રીશ્રીના અવાજના કારણે એક નાના કર્મચારી માટે ખતરો ખડો થયાના ન્યૂઝ તમે વાંચ્યા જ હશે.... આ ન્યૂઝ વાંચીને વર્ષો પૂર્વે તત્કાલીન વડાપ્રધાનશ્રીના અવાજે બેંકના હેડ કેશિયરને સંકટમાં નાખી દીધાના સમાચાર અમને યાદ આવી ગયા ! મંત્રીને પ્રધાનમંત્રીશ્રીના અવાજ કંઈ સામાન્ય થોડા છે, હેં ?

તાજેતરમાં કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીનો ફોન પર અવાજ પારખી ના શકનાર યુપીના એક કલાર્કે માનનીય મંત્રીશ્રીના નામે કોઈ મજાક કરે છે એમ માનીને પોન કાપી નાખ્યો છે એમ માનીને ફોન કરી નાખ્યો તેમાં સ્મૃતિબેન ખફા થઈ ગયા છે 'યે કૈસી ગુસ્તાખી ? મારો અવાજ એ કલાર્ક કેમ ના ઓળખી શક્યો ?.... અને એમણે એ કલાર્ક સામે પગલાં લેવાના ઓર્ડર આપી દીધા.'

તો ભૂતકાળમાં રૂસ્તમ સોહરાબ નગરવાલાએ તે સમયનાં વડાપ્રધાન શ્રીમતી ઈંદિરા ગાંધીના અવાજની નકલ કરીને, સ્ટેટ બેંકની એક શાખાના હેડ કેશિયરને રૂપિયા ૬૦ લાખ (ત્યારે આ રકમ ખાસ્સી મોટી ગણાતી.... જો કે આજકાલ કરોડો સિવાય વાતો નથી થતી ત્યારે કૌભાંડીઓને આ ફ્રોડની રકમ સાંભળી હસવું આવી જાય !!) આપી દેવા ભરમાવી દીધેલો.... એ તો પછી નગરવાલાએ જ કહ્યા મુજબ એ હેડ કેશિયર ભાઈ વેદ પ્રકાશ મલ્હોત્રા રિસીપ્ટ ઉપર સહી લેવા ગયા ત્યારે વડાપ્રધાનશ્રીના સાચા 'અવાજ'ની ખબર પડી. ભાંડો ફૂટ્યો.. જો કે તરત જ પોલીસ 'એકશન મોડ'માં આવી જતા કળા કરી ગયેલ એ મોરલો નામે નગરવાલા ઝડપાઈ ગયો. એણે ગુનો કબૂલ કરી દીધો ને પૂરા રપિયા 'દૂધે ધોઈને' સોંપી દીધેલા. આ 'ફ્રોડ' કેસ ત્યારે બહુ ગાજેલો.... એની એક વિશેષતા એ રહી કે કોર્ટમાં માત્ર ૧૦ મિનિટ ખટલો ચાલ્યો ને નગરવાલાને ચાર વર્ષ જેલમાં ધકેલી દેવાયેલા. કોર્ટ - લીગલ હિસ્ટ્રીમાં આ કેસ ટૂંકો ટચ ચાલેલા કેસ તરીકે નોંધાયો છે !!

બિચારો એક જણ મંત્રીશ્રીનો અસલી અવાજ ના ઓળખી શકતાં એમના અસલી મિજાજનો હવે ભોગ બની રહ્યો છે તો પેલો હેડ કેશિયર નકલી અવાજને અસલી માની બેઠો એમાં ભરાઈ પડેલો... એટલે કહ્યું કે મંત્રીશ્રીઓકી આવાજ કભી અસાધારણ નહીં હોતી !!

લાગે છે હવે સરકારી કર્મચારીઓ માટે સરકારને એક નવી તાલીમ દાખલ કરવી પડશે... જે તે ખાતાના, છેવાડા સુધીના કર્મચારીઓ એમના મંત્રીશ્રીનો અળાજ ઓળખવા - પારખવાનો તાલીમ વર્ગ... મંત્રીશ્રીના અવાજનો લહેકો, લઢણ, ભાષા શુધ્ધિ - અશુદ્ધિ - આ બધું પ્રત્યક્ષ ને પરોક્ષ (ફોન પર ને રેકોર્ડિંગમાં કેવો અવાજ સંભળાય છે તેની) તાલીમ આપીને કર્મચારીઓને તૈયાર કરવા પડશે, જેથી ભવિષ્યમાં મંત્રીશ્રીને 'આ અદનો કલાર્ક મારો ... મારો અવાજ ના કેમ ઓળખી શકે ?' એવો તેજોવધ ના થાય !!

●●●

'વારા પછી વારો, મારા પછી તારો....' એમ જે કહેવાય છે તે તો કોઈની સ્થિતિ - પરિસ્થિતિ પર હસનારાને એ યાદ કરાવવા કહેવાનું હોય છે કે 'ભાઈ, કુદરત છે.... તારો ય આવો વારો કાઢી શકે છે.... હાલ મારા જે 'હાલ' છે, તે કયારેક તારા પણ થઈ શકે છે માટે 'ધીરી બાપુડિયા' રાખો.... પણ અમને વારા પછી વારો, મારા પછી તારો....'

અત્યારે બીજા સંદર્ભમાં યાદ આવી ગયું. શ્રાવણ માસ સંપન્ન થયો ને આવી ગણેશ ચતુર્થી. પવિત્ર શ્રાવણમાં ભક્તો દ્વારા ભરપૂર ભક્તિ - પૂજા - વંદના માણ્યા પછી દેવોના દેવ મહાદેવ - ભોળાનાથ - શંકરદાદા જાણે દીકરા ગણેશજીને ભક્તોનો ચાર્જ સોંપતા કહે છે :'મારા પછી હવે તારો વારો.' ને ગણેશ ચોથથી હવે ત્રણ-પાંચ-સાત-દસ દિવસ સુધી ઠેર ઠેર સિદ્ધિ વિનાયક ને વિઘ્ન વિનાયક 'રાજા' થઈને મહાલવાના ને ભાવિકોના રંગે - ચંગે લાડ પામવાના.... અને આ ઊજવણી પૂરી થતાં જ 'વારા પછી વારો' મુજબ દીકરો ગજાનન' માતેય, હવે આપનો વારો.... હવે તમે સંભાળો.... એમ કહેશે. કેમ કે પછી થોડા જ દિવસોમાં મા પાર્વતી સ્વરુપા જગત જનની મા જગદંબા - આદ્યશક્તિ નવ નવ માતાઓના પૂજન - અર્ચન ને આરાધનનું નવલું પર્વ નોરતાં આવશે ને?

'નોરતામાં ઉપવાસને અનુષ્ઠાન, આરતી ને મહાઆરતી એવા ભક્તિભાવની સાથે ઢોગ સંગ રાસ - ગરબાથી નવરાત્રિઓ (કયાંક કયાંક હસે ય ખરી, હોં....) નું વાતાવરણ ધમધમી ઊઠશે... ભક્તિની ભક્તિ ને આનંદનો આનંદ. અને નવરાત પૂરી થતાં થોડા દિવસોમાં આવી પહોંચશે દિવાળી.

આપણી સંસ્કૃતિને ધર્મની આ જ તો મજા છે ને. એક પછી એક તહેવારો - પર્વો ઉત્સવો વર્ષ દરમિયાન સમાંતરે આવતા રહે છે એટલે એની ઊજવણી આપણી એકધારી - રૂટિન - કયારેક બોરિંગ લાઈફથી ડાઉન થતી બેટરીને રિચાર્જ કરવાનું કામ કરે છે.... જીવનમાં આનંદ - ઉલ્લાસના રંગ રેલાય છે....

બાકી, આ સિવાય પણ જીવનમાં બનતા પ્રેક્ટિકલ જોક્સ ખુસી આવી જતા હોય છે ખરા... જેમ કે એક છોકરાએ કહ્યું : 'પપ્પા, મારે લગ્ન નથી કરવા... દુનિયામાં બધી સ્ત્રીઓની મને બીક લાગે છે....' પપ્પાએ શાંતિથી એને સમજાવ્યો :

'બેટા, લગ્ન કરી જ લે. પછી તને એક જ મહિલાની બીક લાગશે....' બિચારા પપ્પા - પુરુષની અનુભવવાણી જ હશે ને આ ?

સ્કૂલમાં મોડા પહેલા વિદ્યાર્થીને શિક્ષકે ધમકાવ્યો : 'કેમ લેટ આવ્યો ?'

'મારાં મમ્મી-પપ્પા ઝઘડતાં હતાં તેથી....' છોકરાએ કહ્યું : 'તારાં મમ્મી-પપ્પાં લડતાં હતા એમાં તારે શું રોકાઈ જવાનું ?'

'પણ સાહેબ, મારા સ્કૂલનાં જૂતાંઓની એક બુટ મમ્મીના ને બીજો પપ્પાના હાથમાં હતો શું કરુ ?'

જિંદગીમાં કયારેક આવું ય થતું હોય છે!!

# બ્રહ્માંડનું સર્જન

**આજનું વિશેષ**
**ડો. ચિરાગ જાની**

મૃત્યુ બાદ શું બ્રહ્માના નિવાસસ્થાનમાં સ્વર્ગ, બ્રહ્મલોક કે નર્ક લોક આવશે અને ત્યાં કેટલા દેવતા અને દાનવઓ છે? આપણા વેદો, ગ્રંથો અને પુરાણોમાં બ્રહ્માંડમાં ત્રણ લોક અને ૧૪ ભુવન છે. ત્રણેય લોકને આકાશ, પૃથ્વી અને નર્ક સમાવેશ થાય છે અને ૧૪ ભુવનમાંથી પૃથ્વીની ઉપર પ્રથમ ભુવનમાં દિવ્ય આત્માઓ અને ઋષિઓ વસે છે. સારા કાર્યો માટે દેવતાનો દરજ્જો અને બાકીનાને માનવમાં જન્મ મળે છે. અહીં ૩૩ વૈદિક દેવતાઓ નિવાસમાં અગ્નિ દેવ, પવન દેવ, ચંદ્ર દેવ, સૂર્ય દેવ તથા અન્ય



દેવોનો સમાવેશ થાય છે. આ તમામ દેવોના રાજા ઈન્દ્ર અને ગાંધર્વ અપ્સરા સાથે રહે છે. અહીયા દૈવીક શક્તિઓમાંથી અકલ્પનીય સંપત્તિ પૂર્ણ કરે છે જેમાં ઈચ્છા, બ્રહ્માંડમાં ફરવાની ક્ષમતા, લાંબુ આયુષ્ય અને રોગથી છુટકારો મેળવવા માટે સ્વર્ગીય લોકોનું કાર્ય દરેકનું રક્ષણ કરવાનું છે. બ્રહ્માંડએ અમરાવતી સ્વર્ગની રાજધાની છે. અહિયા વાહનમાં કામધેનુ ગાય, ત્રણ માથાવાળો સફેદ હાથી અને ઉડતો ઘોડો છે. શિવ સ્વર્ગીય વિશ્વમાં નિવાસ કરે છે. ઋષિઓ પણ સત્યલોકમાં આવવાની પરવાનગી છે. તેઓ તેમની ઈચ્છા મુજબ ગમે ત્યાં આવી શકે છે, અહીં રહેતા લોકોની ઉંમર બ્રહ્માજીના ૧ દિવસની બરાબર મનુષ્યની ઉંમરના ૪૩૨ વર્ષ કહેવાય છે અને તેમનું આયુષ્ય કરોડ વર્ષમાં સમાપ્ત થાય છે. અહીય રહેવા માટે કર્મ પ્રમાણે નક્કી થાય છે કે આત્મા બ્રહ્મલોકમાં કે નીચલા લોકોમાં જશે. દરેક વ્યક્તિ પિતૃ લોકથી ઉપર ૮ કરોડ યોજન (એક યોજના એટલે ૧૨ કિલોમીટર) છે. દુનિયામાં ચાર કુમારો માંથી પ્રથમ વિષ્ણુના અવતાર માનવા આવે છે. સત્ય લોકો આ ૧૪ લોકોમાં ટોચ પર બ્રાહ્મણના સર્જક ભગવાન બ્રહ્મા અને તેમની પત્ની માતા સરસ્વતી સાથે રહે છે. જેમને તપસ્યા અને સત્કર્મ કરીને સત્યલોકમાં પોતાનું સ્થાન બનાવ્યું છે. ભૂમિની વાત કરીએ તો તે ૧૪ લોકોમાંથી સાતમા સ્થાને આવે છે. અહી વસતા જીવોમાં પાપ અને પુણ્ય ભગવાન અને દેવી-દેવતાઓની દેખરેખમાં જીવન જીવે છે. અહીં જે જીવે છે તેને એક યા બીજા દિવસે મરવાનું જ છે. હવે પૃથ્વીની નીચે ૭ લોકમાં વાલા નામના રાક્ષસનો નિયમ, જે માયાનો પુત્ર છે અને તેણે ૯૬ પ્રકારની માયા રાખી છે. અહીં લોકો પાસે ભગવાન શિવનું સ્વરૂપ છે જે હાટકેશ્વર કહેવામાં આવે છે. તેઓને રાક્ષસોની શ્રેણીમાં સૌથી પવિત્ર રાક્ષસો માનવામાં આવે છે. રાજા બલીએ વામન અવતારમાં ભગવાન વિષ્ણુએ ભિક્ષામાં ત્રણ ફૂટ જમીન માંગી તેમાં ત્રણેય લોકને બે પગલામાં આપ્યા અને ત્રીજા સ્થાને ભગવાને બલિદાનના મસ્તક પર પગ મૂક્યો ત્યારબાદ તેમને સુતલા લોકમાં મોકલ્યા પછી, એનાથી નીચે અનાદિ લોકો અસુર માયા સાથે રહે અને જાદુમાં ઘણું જ્ઞાન ધરાવે છે. અહીં સુધી કશ્યપ ઋષિની પત્ની લોકોનો જન્મ થયો હતો. અહીં અનેક માથાવાળા સાપ વસે છે. અહીં સૈનિકો,મહાસેના સોહિત ધનંજય અને રાષ્ટ્ર સંઘ અપ્સર દેવવ્રત વગેરે રહે છે. અહીંયા રાજધાની ભોગવતીમાં રહેતા રાજા વાસુકી સુંદર નદીઓ, તળાવો અને ઓરડાઓમાં રહે છે.